પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મરુહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈદ્યશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો : 9824059872



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ દશમ બુધવાર ૧૦ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૯૪

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦


# PoKમાં ભભૂકી ઉઠ્યો જનઆક્રોશ

**પાકિસ્તાની** સેનાના દમનમાં ૨૦ પ્રદર્શનકારીઓનાં મોત

**એક** સપ્તાહથી ચાલી રહેલ તોફાનોમાં અનેક લોકો ઇજાગ્રસ્ત

**'જોઇન્ટ** આવામી એક્શન કમિટી'(JAAC) પર મુકાયેલા પ્રતિબંધને કારણે હિંસા ફાટી નિકળી

**આ સંગઠને** આપેલા બંધના એલાનને કારણે ગુરુવારે બજારો બંધ રહ્યા

**ઈસ્લામાબાદ, તા. 9 :** પાકિસ્તાન હસ્તકના કાશ્મીર-\RPOKમાં ઉગ્ર સરકાર વિરોધી પ્રદર્શનો આ સપ્તાહ દરમ્યાન થયા છે જેમાં પોલીસે પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરતા કુલ ૨૦ જેટલા લોકોનાં મોત થયા છે અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે એવા અહેવાલ મળી રહ્યા છે.

કાશ્મીરના સૂત્રોએ આ કાર્યવાહીને આ ક્ષેત્રના તાજેતરના ઈતિહાસમાં સૌથી હિંસક દમન ગણાવ્યું છે – અને આ ઘટના પાકિસ્તાન આર્મી ચીફ ફિલ્ડ માર્શલ આસિમ મુનીરની કાશ્મીરના ચુસ્ત સમર્થક હોવાની છબીને જોરદાર ઝટકો આપે છે. આ હિંસાનું તાત્કાલિક કારણ 6 જૂનના રોજ આતંકવાદ વિરોધી કાયદા હેઠળ 'જોઈન્ટ આવામી એક્શન કમિટી' (JAAC) પર મુકાયેલો પ્રતિબંધ હતો. કાશ્મીરના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પગલું નાગરિક

...અનુસંધાન પાના 8 પર



## PoKમાં હિંસા બદલ પાકિસ્તાનને જવાબદાર ઠેરવવા વિશ્વને ભારતની વિનંતી

**નવી દિલ્હી.** ભારતે મંગળવારે પાકિસ્તાન-અધિકૃત કાશ્મીર(PoK)માં લોકો પર થઈ રહેલી ક્રૂરતા બદલ ઈસ્લામાબાદની આકરી આલોચના કરી હતી અને આંતરરાષ્ટ્રીય સમુદાયને તે દેશને તેના અત્યાચારો માટે જવાબદાર ઠેરવવા આહવાન કર્યું હતું. PoKના કેટલાક ભાગોમાં પ્રદર્શનકારીઓ પર પોલીસની કાર્યવાહીમાં 20 થી વધુ લોકો માર્યા ગયા હોવાના અહેવાલો વચ્ચે ભારતની આ પ્રતિક્રિયા આવી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પાકિસ્તાન પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ઈસ્લામાબાદ દ્વારા પોતાની "નિષ્ફળતાઓ" છુપાવવા અને માનવાધિકારના કથિત ઉલ્લંઘનો પરથી ધ્યાન હટાવવાના અસફળ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે, આ સંદર્ભમાં અમે પાકિસ્તાનમાંથી ફેક ન્યૂઝ અને વીડિયો આવવાનો એક સિલસિલો જોઈ રહ્યા છીએ. આ પાકિસ્તાન દ્વારા પોતાની નિષ્ફળતાઓને છુપાવવાનો અને

...અનુસંધાન પાના 8 પર

### કાશ્મીરી મૂળના દેખાવકારોએ બ્રેડફોર્ડમાં પાકિસ્તાની કોન્સ્યુલેટ કચેરી સામે વિરોધ પ્રદર્શન કર્યું

### આ મામલે રાજદ્વારી હસ્તક્ષેપ કરવા 30 બ્રિટિશ સાંસદોની બ્રિટન સરકાર સામે માગણી

## પાકિસ્તાન હસ્તકના કાશ્મીર PoKમાં પોલીસ દમનના વિરોધમાં યુકેમાં દેખાવો

**લંડન.** પાકિસ્તાન હસ્તકના કાશ્મીર (PoK)માં પોલીસના ગોળીબારમાં અનેક લોકોનાં મોત થયા તેના વિરોધમાં કાશ્મીરી પ્રદર્શનકારીઓએ મંગળવારે યુકેના બ્રેડફોર્ડમાં પાકિસ્તાની કોન્સ્યુલેટ સામે જોરદાર પ્રદર્શન કર્યું હતું. આ પ્રદર્શન એવા સમયે થયું છે જ્યારે તેના થોડા દિવસો પહેલા જ બ્રિટનના 30 સાંસદોએ PoKમાં થઈ રહેલા મોટા પાયે માનવાધિકાર ઉલ્લંઘન મામલે રાજદ્વારી હસ્તક્ષેપની માંગ કરી હતી. પ્રદર્શનકારીઓ મંગળવારે બ્રેડફોર્ડમાં પાકિસ્તાની કોન્સ્યુલેટની બહાર એકઠા થયા હતા અને પાકિસ્તાની સત્તાવાળાઓ પર સમગ્ર PoKમાં પ્રદર્શનોમાં ભાગ લઈ રહેલા નાગરિકો વિરુદ્ધ અતિશય બળપ્રયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. આયોજકો, જેમાંના ઘણા કાશ્મીરી મૂળના છે, તેમણે દાવો કર્યો હતો કે પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં અનેક

...અનુસંધાન પાના 8 પર

# મોદી આજે નેહરુનો રેકોર્ડ તોડશે

**સતત** ૪,૩૯૯ દિવસ પૂરા કરીને દેશના સૌથી લાંબા સમય સુધી કાર્યરત સતત ચૂંટાયેલા વડાપ્રધાન બનશે

**નવી દિલ્હી, તા. 9.** ૧૦ જૂન, ૨૦૨૬ના રોજ ભારતીય લોકશાહીના ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ લખાવા જઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુનો દાયકાઓ જૂનો રેકોર્ડ તોડીને દેશના સૌથી લાંબા સમય સુધી સતત ચૂંટાયેલા (લોકતાંત્રિક) વડાપ્રધાન બની જશે.

૧૦ જૂન ૨૦૨૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત પદ પર રહેવાના ૪,૩૯૯ દિવસ પૂરેપૂરા કરી લેશે. આ સાથે જ તેઓ પંડિત જવાહરલાલ નેહરુના સતત લોકતાંત્રિક કાર્યકાળના ૪,૩૯૮ દિવસના રેકોર્ડને પાછળ છોડી દેશે.

**સમજવા જેવો બારીક તફાવતઃ** પંડિત નેહરુ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭થી વડાપ્રધાન હતા, પરંતુ તે વચગાળાની (Interim) સરકાર હતી. દેશની પ્રથમ સામાન્ય ચૂંટણી બાદ, ૧૩ મે ૧૯૫૨ના રોજ તેમણે પ્રથમ વખત લોકતાંત્રિક રીતે ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. આથી, ઈતિહાસકારો તેમના ચૂંટાયેલા કાર્યકાળની ગણતરી આ દિવસથી

...અનુસંધાન પાના 8 પર



## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહા-રેકોર્ડ પર વૈશ્વિક નેતાઓ ગદગદ

**શ્રીલંકા,** પાપુઆ ન્યૂ ગિની, ત્રિનિદાદ અને ટોબેગો સહિતના વિશ્વ નેતાઓએ ઉષ્માભર્યા અભિનંદન સંદેશા મોકલ્યા

**નવી દિલ્હી, તા. 9 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર ચૂંટાયેલા વડા પ્રધાન બનવાના પૂર્વ સંધ્યાએ વિશ્વના કેટલાક નેતાઓ તરફથી ઉષ્માભર્યા અભિનંદન સંદેશાઓ મળ્યા છે. એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, વિશ્વભરના નેતાઓએ વડા પ્રધાન મોદીના 'પરિવર્તનકારી શાસન', ગ્લોબલ સાઉથ માટેની તેમની વકીલાત અને સર્વસમાવેશી તેમ જ આર્થિક રીતે ગતિશીલ ભારતના તેમના વિઝનને બિરદાવ્યું હતું. શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકાએ એક પત્ર દ્વારા શ્રીલંકાની સરકાર અને જનતા વતી વડા પ્રધાન મોદીને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. દિસાનાયાકાએ જણાવ્યું હતું કે, "આ ઉપલબ્ધિ માત્ર તમારા સત્તાકાળના વર્ષોની જ સાબિતી નથી, પરંતુ વિશ્વની સૌથી મોટી લોકશાહીના લોકોએ વારંવાર તમારા નેતૃત્વમાં મૂકેલા વિશ્વાસ અને

...અનુસંધાન પાના 8 પર

### નેહરુનો ૧૬ વર્ષ અને ૨૮૬ દિવસનો સર્વોચ્ચ રેકોર્ડ તોડવા ૨૦૨૯ની ચૂંટણી જીતવી અનિવાર્ય

નેહરુનો કુલ કાર્યકાળ (વચગાળાની સરકાર સહિત) ૧૬ વર્ષ ૨૮૬ દિવસ (૬,૧૩૧ દિવસ) છે. આ રેકોર્ડ તોડવા માટે પીએમ મોદીએ વર્ષ ૨૦૩૦ના અંત સુધી પદ પર રહેવું પડશે, જેનો અર્થ છે કે ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પણ જીતવી અનિવાર્ય બનશે.

**સતત સૌથી વધુ સમય શાસન કરનારા ટોપ-૩ વડાપ્રધાન**

| ક્રમ | વડાપ્રધાનનું નામ | સતત ચૂંટાયેલો કાર્યકાળ (દિવસોમાં) |
|---|---|---|
| ૧ | નરેન્દ્ર મોદી | ૪,૩૯૯ દિવસ (૧૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂર્ણ) |
| ૨ | પંડિત જવાહરલાલ નેહરુ | ૪,૩૯૮ દિવસ (૧૩ મે ૧૯૫૨ થી ૨૭ મે ૧૯૬૪) |
| ૩ | ડૉ. મનમોહન સિંહ | ૩,૬૫૬ દિવસ (૨૨ મે ૨૦૦૪ થી ૨૬ મે ૨૦૧૪) |

## દિલ્હી ડાયરી



### નીટ-યુજી પેપર લીક વિરોધ પ્રદર્શન

કોંગ્રેસ હાઈકમાન્ડ દેશના વિવિધ શહેરોમાં નીટ-યુજી પેપર લીક વિરુદ્ધ વિરોધ પ્રદર્શનોનું નેતૃત્વ કરવા બદલ પાર્ટીની વિદ્યાર્થી પાંખ –એનએસયુઆઈ–ના પ્રમુખ વિનોદ જાખડની કામગીરીથી ખુશ હોય તેવું જણાય છે. પાર્ટીના ટોચના

...અનુસંધાન પાના 8 પર

તા. ૦૯-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૫° સે. | ૨૯.૫° સે. | ૬૬% |

# ભાજપની કેન્દ્રીય ટીમ, મોદી કેબિનેટમાં ફેરબદલ થાય તેવી અટકળો તેજ

**ચાર નવા** પ્રદેશ પ્રમુખોની નિમણૂકો અને બે કેન્દ્રીય મંત્રીઓને રાજ્યસભાની ટીકિટ ફરી નહીં અપાતા અટકળોને મળેલો વેગ

**નવી દિલ્હી, 9 (PTI):** ભાજપના ચાર નવા પ્રદેશ પ્રમુખોની નિમણૂકે પક્ષ તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારમાં સંભવિત ફેરબદલની અટકળો તેજ કરી દીધી છે, જેણે સત્તામાં ૧૨ વર્ષ પૂર્ણ કર્યા છે.

જાન્યુઆરીમાં કાર્યભાર સંભાળનારા નવા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનની આગેવાની હેઠળની ભાજપની ટીમ આ મહિનાની અંદર જાહેર થવાની સંભાવના છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારમાં હોદ્દો ધરાવતા કેટલાક નેતાઓ સંગઠન તરફ આવી શકે છે. ભાજપે તાજેતરમાં પંજાબ, હરિયાણા, ત્રિપુરા અને દિલ્હીમાં નવા પ્રદેશ પ્રમુખોની જાહેરાત કરી છે. દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી હર્ષ મલ્હોત્રાને પ્રદેશ એકમના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય એક કેન્દ્રીય મંત્રી પંકજ ચૌધરીને ડિસેમ્બર ૨૦૨૫માં ઉત્તર પ્રદેશ એકમના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. બે કેન્દ્રીય મંત્રીઓ, રવનીત સિંહ બિટ્ટુ અને જ્યોર્જ કુરિયનને ૧૮ જૂનની રાજ્યસભાની ચૂંટણી માટે ફરીથી ઉમેદવાર બનાવવામાં આવ્યા નથી, જેમનો કાર્યકાળ ટૂંક સમયમાં સમાપ્ત થઈ રહ્યો છે. એવું સૂચવવામાં આવ્યું છે કે બિટ્ટુ આવતા વર્ષે પંજાબમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પર ધ્યાન કેન્દ્રિત કરશે. ભાજપ બિટ્ટુને કોઈ મહત્વની જવાબદારી સોંપે તેવી શક્યતા છે, જેમનો રાજ્યસભાનો કાર્યકાળ આ મહિને પૂરો થઈ રહ્યો છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવા અને તેના ત્રીજા કાર્યકાળના બીજા વર્ષની સાથે વડાપ્રધાન મોદી ટૂંક સમયમાં જ તેમના મંત્રીમંડળમાં ફેરબદલ કરી શકે છે. પંજાબની આગામી ચૂંટણીનો ઉલ્લેખ કરતા સૂત્રોએ જણાવ્યું હતું કે, આ સરહદી રાજ્યમાં ડ્રગ્સની સમસ્યા, ધર્માંતરણ અને રૂંધાયેલો આર્થિક વિકાસ આવતા વર્ષની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના મુખ્ય ચૂંટણી મુદ્દાઓ તરીકે પ્રખરતાથી સામેલ રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ પંજાબમાં ભગવંત માન સરકાર હેઠળની હત્યાઓ અને

...અનુસંધાન પાના 8 પર

# મધ્ય પૂર્વમાં શાંતિ માટે 'ખૂબ જ સારો સોદો' હવે માત્ર ૨-૩ દિવસ દૂરઃ ટ્રમ્પ

**ટ્રમ્પે** કહ્યું- ઈરાન અને ઈઝરાયેલ મારા મધ્યસ્થીથી હુમલા રોકવા સંમત થયા; બીજી તરફ લેબનોનમાં ઈઝરાયેલી સેનાનું એલર્ટ



**વૉશિંગ્ટન, તા. 9 :** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે મધ્ય પૂર્વમાં શાંતિ માટે 'ખૂબ જ સારો સોદો' હવે માત્ર થોડા દિવસો જ દૂર છે.

ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર કહ્યું છે કે તેહરાન સાથે શાંતિ સમજૂતી ખૂબ નજીક છે, પરંતુ રાજદ્વારી વાટાઘાટો અટકી પડી છે, અને યુદ્ધવિરામ અમલમાં હોવા છતાં બંને પક્ષો છેલ્લા કેટલાક દિવસોથી એકબીજા પર મિસાઈલો દાગી રહ્યા છે. એનબીએ ફાઈનલ મેચ જોઈને પરત ફરતી વખતે પત્રકારો સાથે વાત કરતા અમેરિકી નેતાએ જણાવ્યું હતું કે, ઈરાન અને ઈઝરાયેલ 'એકબીજા પર હુમલા કરી રહ્યા હતા અને હવે તેઓ બંને મારા માધ્યમથી રોકાઈ જવા માટે સંમત થયા છે અને આપણે એક ખૂબ જ સારા સોદાના અંતિમ તબક્કામાં છીએ.' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે આમાં કેટલા દિવસો કે અઠવાડિયા લાગશે, ત્યારે તેમણે કહ્યું કે આમાં 'બે કે ત્રણ દિવસ' લાગશે.

જો કે, આજે સવારે જ ઈઝરાયેલી

...અનુસંધાન પાના 8 પર




પીએમ કિસાન સન્માન નિધિથી મળેલું આર્થિક બળ અને MSP પર ઐતિહાસિક ખરીદી થકી, આદરણીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાતે ખરા અર્થમાં 'સમૃદ્ધ કિસાન, સશક્ત ભારત' નો સંકલ્પ સાકાર કર્યો છે. – શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત